# રૂપાલ ગામે પલ્લીના મેળામાં ૧૦ લાખ શ્રદ્ધાળુઓ ઉમટશે

## ૩૦ હજાર કિલો ઘીનો અભિષેક કરાશે : વેબસાઈટ પરથી પલ્લીના મેળાનું જીવંત પ્રસારણ કરાશે





ગાંધીનગર, તા. ૨૨

રૂપાલ ગામમાં આસો સુદ ૯ ને બુધવારની રાત્રીએ શ્રી વરદાયિની માતાનો પલ્લી મેળો યોજાશે. ગામના તમામ જ્ઞાતિજનોના સાથ સહકારથી તૈયાર કરાયેલ પલ્લી ઉપર દસમના દિવસે ૩૦ હજાર કિલો ઘીનો અભિષેક દર્શનાર્થીઓ દ્વારા કરવામાં આવશે. પલ્લીનાં દર્શનાર્થે આવનારા ૭૦ હજારથી વધુ ભક્તજનો માટે ખિચડી, કઢી તથા બુંદીના પ્રસાદની વિનામૂલ્યે વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે પલ્લીના મેળામાં ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટે તેવો અંદાજ છે. પલ્લી યાત્રાનું જીવંત પ્રસારણ વેબસાઈટના માધ્યમથી કરવામાં આવશે.

ગાંધીનગર શહેરથી ૧૩ કિમી દૂર સ્થિત રૂપાલ ગામના વરદાયિની માતા મંદિરે નવરાત્રી દરમ્યાન પરંપરાગત રીતે પલ્લી મેળાનું આયોજન થાય છે અને છેલ્લાં સાડા પાંચ હજાર વર્ષથી પલ્લી યાત્રા યોજવામાં આવે છે. શ્રી વરદાયિની માતા રૂપાલની પલ્લી માટે પ્રથમ નોરતાથી નવ દિવસ પુરા ગણવામાં આવે છે. એ રીતે ગણતાં ચાલુ વર્ષે તા. ૨૪ ઑક્ટોબરના રોજ બુધવારે પલ્લી મેળો યોજાશે.

પલ્લી મેળા માટે ૨૪મીના રોજ સવારથી જ ગામમાં રહેતા વણકર ભાઈઓ પલ્લી નિર્માણ માટે ખીજડો કાપે છે. સુથાર ભાઈઓ તેમાંથી પલ્લી ઘડે છે. વાળંદભાઈઓ વરખડાના સોટા બાંધે છે. કુંભારભાઈઓ કુંડા છાંદે છે. માળી ભાઈઓ પલ્લીને ફુલોથી શણગારે છે તથા માંડીઓ લાવે છે. પીંજારા ભાઈઓ કુડામાં કપાસ પુરે છે. પંચોલી ભાઈઓ માતાજીના નિવેધ માટે સવા મણનો ખીચડો રાંધે છે. જ્યારે ચાવડા ભાઈઓ પલ્લીની રક્ષા માટે ખુલ્લી તલવારે ઉપસ્થિત થાય છે.

રૂપાલ ગામ વરદાયિની માતાની પલ્લી માટે તૈયાર થયા બાદ પટેલ ભાઈઓ પલ્લીની પુજા-આરતી કરીને કુંડામાં અગ્ની પ્રગટાવે છે. આમ, ધાર્મિક પૂજા બાદ વિધિવત્ રીતે પલ્લી યાત્રાનો આરંભ થાય છે. જેમાં આગળ ચાવડા ભાઈઓ પલ્લીની સન્મુખ મોં રાખીને પલ્લીની રક્ષા માટે પાછા પગે પલ્લી યાત્રાના અંત સુધી ચાલે છે. આ દરમ્યાન વાળંદ ભાઈઓ પલ્લીની આગળ મશાલ લઈને ચાલે છે. પલ્લી યાત્રા રૂપાલ ગામના ૨૭ ચકલાઓ આગળ ઊભી રહે છે. જ્યાં ગામ લોકો અને દર્શનાર્થે આવેલ શ્રદ્ધળુઓ બાધા, માનતા અને આખડી, ઈચ્છા પુરી કરવા પલ્લી ઉપર હજારો કિલો ઘીનો અભિષેક કરે છે. મોડી રાત્રે શરૂ થયેલ પલ્લી યાત્રા વહેલી સવારે વરદાયિનીયિની માતા મંદિરે પહોંચીની સંપન્ન થાય છે. આ સમય દરમ્યાન પલ્લી યાત્રાનાં દર્શનાર્થે આઠથી દસ લાખ શ્રદ્ધાળુઓ રૂપાલ ગામે ઉમટે છે.

મોડી રાત્રે યોજાતી હોઈ તેના શ્રદ્ધાળુઓ માટે ૮૦૦ કિલો ચણા દાળના લોટમાંથી બુંદી તથા કઢી, ખીચડીનો પ્રસાદ તૈયાર કરવામાં આવે છે. અને અંદાજે ૭૦થી ૮૦ હજાર ભક્તજનોને વિનામૂલ્યે તેનું વિતરણ કરાય છે.

પ્રાચીન વર્ષોથી રૂપાલ ગામે પરંપરાગત રીતે યોજાતી પલ્લી યાત્રાના દર્શને આવવા માટે એસટી દ્વારા ગાંધીનગર, અમદાવાદ, કલોલ અને માણસા બસ ડેપો ઉપરથી વિશેષ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

## નવરાત્રી ચારે કોર



**આઠમા નોરતે ગીત-સંગીતની સંગત :**

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે નીતિન બારોટ, સોનુ ચારા - કોમલ આર્ટ.
- સરઢવ : વારાહી ચોક ખાતે દિપાલી શાહ, ભાવિન ભાટી - કોમલ આર્ટ.
- સરઢવ : માંડવી ચોક, ઉગમણી ભાગોળ ખાતે સરલા દવે - સુરાવલી ગ્રૃપ, ગાંધીનગર.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે રમેશ ઠાકોર - અન્નુ સુરાવલી એન્ડ પાર્ટી.
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે ઝનકાર ગ્રૃપ.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં ધીરજ ગ્રૃપ.
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં સ્થાનિક કલાકારો.
- કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે ગોલ્ડન ચિયર્સ.
- લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ ખાતે દિપ્તી દેસાઈ, અમિત ઠક્કર.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં હેમા ત્રિવેદી.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં ધર્મેન્દ્ર નાયક - સુરમધુર મ્યુઝીકલ પાર્ટી.
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગ્રૃપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે સુલોચના વ્યાસ, શીતલબેન - સુંદરમ કલાવૃંદ.
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે પૃથ્વીરાજ મ્યુઝીકલ પાર્ટી, પેથાપુર.
- સૅક્ટર-૩ એ ન્યૂ : નવરાત્રી ચૉક ખાતે જુગલબંધી ગ્રૃપ.
- સૅક્ટર-૩ સી : શક્તિ ચૉક ખાતે રામુભાઈ શિકારી એન્ડ પાર્ટી.
- સૅક્ટર-૧૭ : શોપીંગ સેન્ટર ખાતે લીલાબેન સોલંકી - કિશન મ્યુઝીકલ ગ્રૃપ.

## કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડમાં આજે મેગા ફાઈનલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા મહોત્સવનું આવતીકાલે અંતિમ નોરતું છે, જે નિમિત્તે મેગા ફાઈનલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

પરંપરાગત રીતે યોજાતી આરતી પછી ગરબાનો કાર્યક્રમ તો છે જ, પરંતુ તે પછી સમગ્ર નવરાત્રી દરમ્યાન વિજેતા થનારા ખેલૈયાઓ વચ્ચે ફાઈનલ સ્પર્ધા યોજાશે.

### અમેરિકન ફિલ્ડ સર્વિસના સૌજન્યથી

# ૧૧ વિદેશી વિદ્યાર્થીઓએ ગાંધીનગરની મુલાકાત લીધી

## ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં ગરબે ઘૂમવાનો આનંદ પણ મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૨

દેશો-દેશો વચ્ચેના સાંસ્કૃતિક અને શૈક્ષણિક આદાન-પ્રદાન અન્વયે અમેરિકન ફિલ્ડ સર્વિસના સૌજન્યથી ૧૧ વિદ્યાર્થીઓએ ગાંધીનગરની મુલાકાત લીધી હતી.

સ્થાનિક સંસ્કૃતિ અને સમાજ જીવનની વિશેષ સમજ માટે ગાંધીનગર આવેલા આ વિદ્યાર્થીઓ જર્મની, ઈટાલી, સ્વીત્ઝર્લેન્ડ, નોર્વે, બેલ્જીયમ અને ઓસ્ટ્રીયાથી આવ્યા છે. ગઈકાલે રાત્રે તેમણે પારંપારિક પહેરવેશમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી અને ગરબાનો આનંદ માણ્યો હતો.

એ પછી આજે જર્મનીનાં કુ. સારા હીલર, ઈટાલીનાં કાર્લો ફેન્ટીમાસી અને સ્વીત્ઝર્લેન્ડનાં કુ. સારા કોબાલ્ટે ગાંધીનગર વિધાનસભાની મુલાકાત લીધી હતી. વિધાનસભા અધ્યક્ષના અંગત સચિવ ડી કે વ્યાસે તેમને મુલાકાત આપી હતી અને વિધાનસભા અંગે તેમણે પૂછેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા. એ પછી આ વિદ્યાર્થીઓએ ગાંધીનગર સમાચાર કાર્યાલય ખાતે મેનેજિંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા સાથે સંવાદ કર્યો હતો. આ મુલાકાત દરમ્યાન અહીંની સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઘટનાઓ મિડિયાની દ્રષ્ટિએ તેમણે નિહાળી હતી, સમજી હતી અને ગુજરાતની સંસ્કૃતિ બાબતે પ્રશ્નો પૂછ્યા હતા.

પોતાના ત્રણ દિવસના રોકાણ દરમ્યાન આ વિદ્યાર્થીઓને સૌથી વધારે સ્પર્શી ગયેલી બાબત હોય તો એ અહીંના લોકોનો ઉત્સાહી આવકાર અને અહીં તેમને પિરસવામાં આવેલું સ્વાદિષ્ટ ભોજન. એમાંય ખાસ કરીને અહીંની ખિચડી-કઢી તેમને બહુ પસંદ પડી છે.

## હરિ નજર - ખરી નજર



આ શું ઉંમરલાયક માણસની માફક ભરી નવરાત્રીમાં ઘરમાં બેસી રહ્યો છે, મનસુખ. ચાલ તૈયાર થઈ જા દાંડિયા લઈને. છાપામાં વાંચ્યું કે આ વખતે ૭૫ વર્ષની મહિલાઓ પણ ગરબા રમવા આવી છે !!









**આમ તો સૌંદર્યનો ઉલ્લેખ કરીએ ત્યારે સ્ત્રીની આકૃતિ આંખ સામે આવે, પરંતુ નવરાત્રી એ એવો અનોખો તહેવાર છે કે તેમાં જ્યારે સૌંદર્યનો ઉલ્લેખ આવે ત્યારે યુવા વર્ગનો ને એમાંય યુવતિઓ ઉપરાંત યુવકોનો ઉલ્લેખ પણ કરવો પડે. વાત પરંપરાગત ડ્રેસની હોય, અત્યાધુનિક મેક-અપની હોય, લેટેસ્ટ સ્ટાઈલના ગરબા રમવાની હોય કે પછી ગરબા રમીને ઢગલાબંધ ઈનામો જીતવાની જ કેમ ન હોય - યુવકો ક્યાંય પાછળ નથી ! અગાઉ શેરી ગરબાના માહોલમાં બહુ ઓછા પુરુષો ગરબે રમતા, પરંતુ હવે પાર્ટી પ્લોટના જમાનામાં એ મર્યાદા નીકળી ગઈ છે. સંપૂર્ણપણે સજીને મુક્ત મને અને પોતાને ફાવે તેવી સ્ટાઈલમાં ગરબા રમવાનો મોકો હવે પુરુષોનેય મળી ગયો છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાંય આવા ગરબામોજી યુવકોનો મેળાવડો નિત્ય નોરતે જામે છે અને ગરબાની રમઝટ બોલાવે છે. અલબત્ત, અહીં ગરબા જોવા આવનારાઓએ એ બાબત નોંધી છે કે ગરબા રમવામાં છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા વધારે છે, પરંતુ તેમ છતાં છોકરાઓની સંખ્યા પણ ઉલ્લેખનીય ગણી શકાય એટલી તો હોય જ છે. યુવતિઓની માફક તેમના દેખાવ, ગરબા અને સ્ફૂર્તિ પણ ખરેખર જોવાલાયક હોય છે. આમેય ગુજરાતી ભાયડાઓ પરંપરાગત પોષાકોમાં દુનિયાથી નોખા જ લાગે છે. એમાંય એ ગરબાના હિલોળે ચડ્યા હોય ત્યારે દુનિયાના સહુ પુરુષો કરતાં શ્રેષ્ઠ પણ લાગે છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં લેવામાં આવેલી આ જીવંત તસવીરો આ બાબત સાબિત કરી આપતી હોય એમ ગુજરાતી જુવાનિયાઓએ પોઝ આપ્યા છે. (તસવીર : દિપક જાની)**

# વાવોલની સોસાયટીઓમાં પરંપરાગત નવરાત્રીની રંગત જામી







ગાંધીનગર સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે નવિન વિકાસ પામેલ સોસાયટીઓમાં નવરાત્રી પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં અહીંના રહેવાસીઓ ખૂબ જ ઉલ્લાસ અને ભક્તિ ભાવપૂર્વક ભાવ લઈ રહ્યા છે.

અહીંની મોટા ભાગની સોસાયટીઓમાં રહેવાસીઓ દ્વારા નવરાત્રી સમિતિ બનાવી સોસાયટીના કોમન પ્લોટમાં શેરી ગરબાનું સુંદર આયોજન કરી રહ્યા છે. જેમાં ફ્લેટ કે ટેનામેન્ટ દીઠ ફાળો અને અન્ય દાન-ભેટ ઉઘરાવી ખર્ચાને પહોંચી વળવાનું આયોજન કરવામાં આવે છે. વળી, રોજ રોજની આરતીનો ચઢાવો બોલીને પણ ફંડ એકત્ર કરાય છે. શાલીન, કેશવપાર્ક, વિજય, મિહીરપાર્ક, ગ્રીનસીટી, ગ્રીનપાર્ક, કિર્તીધામ, સંકલ્પ રોયલ, હરીનગર, ચંદ્રલોક અને ભૂમિપાર્ક જેવી સોસાયટીઓમાં નવરાત્રીનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

કેટલીક સોસાયટીઓમાં માતાજીના ફોટો મુકીને તો ક્યાંક માતાજીનું નાનકડું મંદિર બનાવીને તેની ફરતે રાસ-ગરબા રમવામાં આવે છે. ગરબા પાર્ટીના ખર્ચા કરવાને બદલે આધુનિક સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરીને પેન ડ્રાઈવ વડે નોન-સ્ટોપ ગરબા, રાસ, ત્રણ તાલી, ગરબા, સનેડો, ભાઈ-ભાઈ અને ટીટોડો રાસ વગાડીને ડીજે સંગીત જેવો માહોલ ઉભો કરાય છે. યુવાનો અને બાળકો પણ ટ્રેડિશનલ ચણિયા-ચોળી, કેડિયા-શેરવાની વગેરે પહેરીને ઉત્સવને જીવંત બનાવે છે. નાના બાળકો સોસાયટીમાં મહોલ્લા માતા, ગબ્બર અને હિમાલય વગેરે બનાવી ભક્તિ, સંસ્કાર અને લોક સંસ્કૃતિ શીખવાની સાથે સાથે પોતાની ક્રિએટીવીટીનો પરીચય આપે છે. શાલીન-૪ એપાર્ટમેન્ટના બાળકોએ તો વોટર મેનેજમેન્ટનું અનોખું મોડલ બનાવી પાણી બચાવો અંગેના વિવિધ સુત્રો દ્વારા મોટેરાઓને પાણી બચાવવાના સંદેશ સાથે સુખદ આશ્ચર્ય આપ્યું છે.

વાવોલ ગામની ભાતિગળ નવરાત્રી તળાવ કિનારે આવેલા મહાકાળીમાતાના મંદિરે માત્ર આઠમ-નોમ એમ બે જ દિવસ થતી હોય બાકીના દિવસોમાં લોકો શેરી-ગરબા અને સોસાયટીની નવરાત્રીઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. વાવોલમાં આવેલી સોસાયટીઓ મોટે ભાગે મધ્યમવર્ગના રહીશો ધરાવતી હોઈ પ્રાઈવેટ પ્લોટોના મોંઘાદાટ પાસ યુવાન બેન-દિકરીઓની સુરક્ષાની ચિંતા તેમજ રાત્રે આવવા-જવા માટે વાહન વ્યવહારની અગવડતા જેવા કારણોસર પણ અહીંના રહેવાસીઓ પોતાની સોસાયટીમાં જ નવરાત્રી ઉજવવાનું પસંદ કરે છે. વળી, અહીં ગરબા-રાસની રમઝટ સાથે દરરોજ વિવિધ ગરમા-ગરમ નાસ્તા જેવા કે ફાફડા- જલેબી, બટાકા પૌંઆ, દાબેલી અને મેથીના ગોટા સાથે ચા-કૉફીની પણ વ્યવસ્થા ખેલૈયાઓ અને જોનારાઓ માટે આકર્ષણનું કારણ બને છે. જોકે અહીં નોધપાત્ર બાબત એ છે કે મોટાભાગની સોસાયટીઓમાં સુરક્ષાના કારણોસર બહારના વ્યક્તિઓને પુરતી ઓળખાણ વગર પ્રવેશ આપવામાં આવતો નથી જે ખૂબ જ પ્રશંસનિય પગલું છે. વડીલો ગરબામાં સભ્યતા જળવાય તેનો આગ્રહ અને આગેવાનો કોઈ તોફાની તત્વો ઘુસીને ન્યુસંસના ફલાવે તેની પૂરતી તકેદારી રાખે છે. **(તસવીર અને અહેવાલ : સમીર રામી)**